# બાળકો શીખે કે પ્રભુ ઈસુ કોણ છે.

**પ્રાર્થના** : વ્હાલા પ્રભુ, બાળકોની સહાય કરો કે પ્રભુ ઈસુના જીવન માટે તેઓ સ્તુતિ કરે અને વિશ્વાસ કરે કે તે જીવતા સાચા દેવનો દીકરો છે કે જે માનવ સ્વરૂપમાં આવ્યો.

આમાંની કોઈ શૈક્ષણિક પ્રવૃત્તિ બાળકો માટે પસંદ કરો.

**લુક ૧૯-૨૮ થી ૪૦** પ્રમાણે પ્રભુ ઈસુના યરૂશાલેમમાં છેલ્લાં વિજયવંત પ્રવેશની વાર્તા કોઈ મોટો છોકરો કરે. આ વાર્તા બતાવે છે કે સામાન્ય પ્રજાજનો એ ઈશ્વરાના વચન પ્રમાણેના મસીહ અને રાજા એવા પ્રભુ ઈસુનો જયજયકાર કર્યો કે જે આખી પૃથ્વી ઉપર શાંતિ અને છુટકારો લાવનાર છે.

વાર્તા કહી રહ્યા પછી આ પ્રશ્નો પુછો જવાબો સાથે આપેલા છે.

- યરૂશાલેમમાં પ્રવેશવા માટે સવારી કરવા માટે ગધેડાનો વછેરો ઈસુને કેવી રીતે મળ્યો
- વછેરાના માલિકોને શિષ્યોએ શું કહ્યું
- માત્થી.૨૧-૮માં કહ્યું છે કે લોકોએ રસ્તા ઉપર ઈસુ ની આગળ ઝાડની ડાળીઓ પાથરી બીજી કઈ રીતે તેઓએ પોતાનો આનંદ અને સ્તુતિ બતાવ્યા ?(કલમ-૩૬-૩૭)
- ઈસુ કોણ હતો તે વિષે લોકોએ શું કહ્યું ?(કલમ-૩૮)
- જો લોકો શાંત રહેશે તે શું થશે એવું ઈસુએ ક્હયું ?(કલમ૩૯,૪૦)

આ બનાવની પૂર્વભૂમિકા સમજાવો.

- ઈસુ યરૂશાલેમમાં તેના વધસ્તંભે જડાવવાના આગળના રવિવારે આવ્યો.
- કેટલાંક ખ્રિસ્તીઓ આ દિવસની ખજુરીનો રવિવાર કહે છે. કારણ કે લોકોએ યરૂશાલેમમાં ઈસુનો રસ્તો ડાળીઓ વડે શણગાર્યો હતો.



- ઈસુ યરૂશાલેમમાં તેના સજીવન થવાના એક અઠવાડિયા પહેલા પ્રવેશ્યો. તમામ ઈતિહાસની સૌથી મહત્વની ઘટનાઓ તે અઠવાડિયા દરમ્યાન બની.
- કેટલાક આગેવાનો અને સરકારી અધિકારીઓએ તેની અદેખાઈ કરી તેઓને બીક હતી કે તે તેઓનો હોદ્દો અને સત્તા લઈ લેશે.
- ઘણાં બધા લોકોને ઈસુએ સાજા કર્યા હતા. અને તેઓ જાણતા હતા કે જૂના કરારના પ્રબોધકોએ જે મસીહના આગમન વિષે આગાહીઓ કરી હતી તે જ છે.

- ઈસુ દેવ છે તે માણસ બન્યો. તે કોઈ દૂત નથી. અથવા દેવ અને માણસની વચ્ચેનું કોઈ સ્વરૂપ નથી. તે દેવ પણ છે અને માણસ પણ છે, આકાશ અને પૃથ્વી વચ્ચેનો એક માત્ર માર્ગ તે છે.

  લુક.૧૯:૨૮-૪૦ માંથી ઈસુના વિજયવંત પ્રવેશના **નાટકના ભાગો બનાવો.**

- ભજનસેવાના આગેવાન સાથે બાળકો આ નાટક રજુ કરે તેવું ગોઠવો.
- સન્ડેસ્કૂલના સમય દરમ્યાન નાટકની તૈયારી કરો.
- મોટા બાળકો નાના બાળકોની મદદ કરે.
- નાટકના ભાગો માટે પુરતા માણસો ના મળે તો વર્ણન કરનાર તેમના વિષે બોલી જાય.
- મોટા છોકરાઓ અથવા કોઈ સભાજન ઈસુ, ગધેડો, ગધેડાનો માલિક અને વર્ણન કરનારના પાત્રો ભજવે વર્ણન કરનાર વાર્તાનું સંક્ષેપિકરણ કરે અને બાળકોને સંવાદો યાદ રાખવામાં મદદ કરે.
- નાના બાળકો, શિષ્ય, ફરોશીઓ અને લોકટોળાના પાત્રો ભજવે.  શિષ્ય અને બાળકો જેઓ ટોળામાં છે. તેમની પાસે ઝાડની ડાળીઓ અને કપડા હોય.

**ઉદ્‌ઘોષક** : વાર્તાનું પ્રથમ ભાગ લુક૧૯:૨૮-૩૫ પ્રમાણે કહે. પછી બોલે, ઈસુ પોતાના અનુયાયીઓને શું કહે છે તે સાંભળો.

**ઈસુ** : આ સમય છે. મારે યરૂશાલેમ જવું જોઈએ, પાસેના ગામમાં જઈને ગધેડાના વછેરાને છોડીને અહીં લઈ આવો. તેના માલિકને કહો કે પ્રભુને તેની જરૂર છે.

**શિષ્ય** : ગધેડા પાસે જાય છે. તેને છોડતો હોય ગધેડાનો માલિક બોલે-ઉભા રહો ! તમે ગધેડાને શું કરો છો?

**શિષ્ય** : પ્રભુને તેની જરૂર છે.

**ગધેડાનો માલિક** : સારૂ તો લઈ જાવ.

**શિષ્ય** : ગધેડાને યીશુ પાસે લાવે છે. ઈસુ તેના ઉપર બેસે છે.

**ગધેડાનો માલિક** : જુઓ ! ઈસુ મારા ગધેડાના વછેરા ઉપર બેઠો છે. જેના ઉપર કદી કોઈ બેઠુ નથી.

**ઉદ્‌ઘોષક** : લુક.૧૯:૩૬-૪૦ પ્રમાણે વાર્તાનો બીજો ભાગ કહે. પછી બોલે, લોકોનું ટોળું શું કહે છે તે સાંભળો.

**લોકોનું ટોળુ** : પોતાના કપડાં ઈસુની આગળ નાખે છે. ડાળીઓ હલાવે છે. પછી તેમને ઈસુની આગળ પાથરે છે અને બુમ પાડે છે ''દેવને મહિમા હો'' ''હોસાન્ના'' ''જુઓ રાજા આવે છે.''

**ફરોશીઓ** :(ગુસ્સાથી હે ઈસુ, તારા શિષ્યોને  કહે કે આ બધુ બોલવાનું બંધ કરે.)

**ઈસુ** :જો તેઓ ચુપ રહશે તો પથરા પોકારી ઉઠશે.

**ઉદ્‌ઘોષક** :અથવા મોટા છોકરો  નાટક પુરૂ થાય ત્યારે મદદ કરનારનો આભાર માને.

**પ્રશ્નો** જો બાળકોએ આ વાર્તાનું નાટક મોટાઓ માટે કર્યુ હોય તો તેમને ઉપરના પ્રશ્નો પુછવા દો.

**ગીત.** કેટલાક બાળકોને ગીતશાસ્ત્ર ૧૧૮:૨૨-૨૪,૨૬અને ૨૮ કલમો મોઢે બોલવાનું કહો.

પ્રભુ ઈસુને આપણા પ્રભુ અને રાજા તરીકે બીજી કઈ રીતે આપણે તેની સ્તુતિ કરી શકીએ તે પુછો બાળકો અને મોટાઓ બીજા દાખલા આપે.

ખજૂરીની ડાળીનું ચિત્ર દોરો અને બાળકો તેની કોપી કરે.



- મોટા બાળકો ખજુરીનું ઝાડ દોરે.



- બીજી ભજનસેવાઓ સાથે બાળકોને તેમનું ચિત્ર બતાવવા દો અને સમજાવે કે આ ડાળીઓ આપણે ખ્રિસ્તની પ્રભુ અને રાજા તરીકે કેવીરીતે સ્તુતિ કરવી જોઈએ તેનું ઉદાહરણ આપે છે.

યોહાન ૧૪:૬ **મુખપાઠ કરો.**

**પ્રાર્થના :** વહાલા પ્રભુ તમે અમારા એકજ દેવ છો અમે તમારૂ ભજન કરીએ છીએ જો કે કેટલાક લોકો હજુ જાણતા નથી કે તમે ખરેખર કોણ છો., એટલાજ માટે અમે તમારી સ્તુતિ કરીએ છીએ બીજાઓની આગળ તમારા વિષે કહેવા માટે અમારી સહાય કરો જેથી તેઓ પણ આવીને તમારી સ્તુતિ કરે.

Copyright 2004 © by Paul - Timothy. May be freely copied.
Download from www.Paul-Timothy.net